# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.**

---

- રાજ્યમાં આગામી એક વર્ષમાં 10 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય તેવા લક્ષ્યાંક સાથે કામ કરવા અનુરોધ કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત
- પુનઃપ્રાપ્ય ઉર્જા પ્રોજેક્ટને સરળ બનાવવાના હેતુથી રાજ્ય સરકારે 'અક્ષય ઊર્જા પોર્ટલ'નું અનાવરણ કર્યું.
- અમદાવાદમાં એલિસબ્રિજના મજબૂતીકરણ અને પુનઃસ્થાપન માટે 32.40 કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી અપાઇ.
- દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં આજે ભારે વરસાદની આગાહી.
- અને છોટા ઉદેપુરમાં બાળકોને સ્થાનિક રાઠવી ભાષાથી અવગત કરાવવા રાઠવી ભાષામાં સાહિત્ય નિર્માણ કરાયું.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAJYAPAL KRUSHI SAMIKSHA BETHAK

રાજ્યમાં આગામી એક વર્ષમાં વધુ 10 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે તેવા લક્ષ્યાંક સાથે કામ કરવાની આવશ્યકતા છે એવું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું. પ્રાકૃતિક ખેતી કૃષિ મહાઅભિયાનને વધુ વેગવાન બનાવવા રાજ્યપાલશ્રીએ રાજભવન ખાતે ઉચ્ચકક્ષાની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યપાલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરિષ્ઠ અધિકારીઓ અને ખેડૂત આગેવાનોને માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં અત્યારે 9 લાખ 27 હજાર 550 ખેડૂત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. આગામી એક વર્ષમાં 10 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે તેવો લક્ષ્યાંક છે. અત્યાર સુધીમાં 43 લાખ 98 હજાર ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી માટે સક્રિય રીતે કામ કરવાની જરૂર છે. **વર્ષ 2024-25માં 3 હજાર 245 મોડેલ ફાર્મ તૈયાર કરવાનું પણ આયોજન છે**.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, કેન્દ્ર સરકારની યોજના મુજબ રાજ્યને એક હજાર કરોડ રૂપિયાનું પ્રોત્સાહક અનુદાન મળશે. તેમણે આ રકમ રાજ્યમાં પ્રાકૃતિક ખેતી માટે ઉપયોગમાં લેવાની જાહેરાત કરી હતી.

-------------------------------------------------------------------

- **GUJARAT INFORMATION – PRAVESH.**

-(NAVIN)

# TRAINING

પ્રાકૃતિક કૃષિને વેગવાન બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સાણંદ ધોલેરા અને ધંધુકા તાલુકામાં ગઈકાલથી પાંચ દિવસીય તાલીમ શરૂ કરવામાં આવી છે. સ્વસહાય જૂથોની કૃષિ સખીઓ માટે આ ખાસ પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરાયું છે.

આ તાલીમમાં કૃષિ સખીઓને પ્રાકૃતીક ખેતી વિશે વિસ્તતૃ માહીતી પૂરી પડાઈ હતી અને તેના ફાયદાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના ખેડૂતો ઝેરી રસાયણ મુકત પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરીને સમૃદ્ધ બને સાથે રાજયની ધરતી વધુ ફળદ્રુપ બને અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ કેળવે તથા  તેના ફાયદાથી માહિતગાર થઈને તેનો લાભ ઉઠાવે તે માટે જિલ્લે-જિલ્લે અને તાલુકે-તાલુકે સઘન તાલીમ આપવામાં આવી રહી છે.

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાની વાત કરીએ તો, છેલ્લા ચાર વર્ષમાં ૧૮ હજાર ૪૧૫ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તો ધંધુકા તાલુકામાં છેલ્લા ચાર વર્ષમાં ૧૦ હજાર ૧૨૦ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અપાઈ છે.

---

- માં ખા નીકીતા

-(NAVIN)

# Akshay Setu Portal

નવીનીકરણ ઉર્જા નીતિને વધુ વેગ આપવા ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે 'અક્ષય ઊર્જા સેતુ પોર્ટલ'નું ગાંધીનગર ખાતેથી અનાવરણ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમીટેડ (GUVNL) દ્વારા બનાવવામાં આવ્યું છે.

આ પોર્ટલ મારફતે ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટસ માટે મંજૂરીની પ્રક્રિયા સરળ બનશે. આ પોર્ટલ એક સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ છે જેનાથી રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટના ઝડપી અને વધુ કાર્યક્ષમ ઉપયોગની સુવિધા મળશે. તેનો ઉદ્દેશ રોકાણકારો અને હિતધારકો માટે ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ વાતાવરણને પ્રોત્સાહન આપતા પ્રોજેક્ટસની મંજૂરીઓને ઝડપી બનાવવાનો છે.

અગાઉ જુદી જુદી વેબસાઈટથી અરજીની પ્રક્રિયા કરવામાં આવી હતી પરંતુ આ પોર્ટલના માધ્યમથી પ્રોજેક્ટની અરજીની પ્રક્રિયા વધુ સરળ બનશે. આ ઉપરાંત રોકાણકારો અને હિતધારકોએ તમામ ડોક્યુમેન્ટ્સ પણ એક જ પોર્ટલ પર એક જ વાર અપલોડ કરવાના રહેશે તથા રજીસ્ટ્રેશન ફી પણ એક જ વાર ભરવાની રહેશે.

---------------------------------------------------------------------

- માં ખા નીકીતા

-(NAVIN)

# AHMEDABAD BRIDGE

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદની ઓળખ સમા એલિસબ્રિજના મજબૂતીકરણ તેમજ સમાકામ માટે 32.40 કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવવાની મજૂરી આપી છે.

સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ફ્લાયઓવર બ્રિજ હેઠળ આ રકમની ફાળવણી થશે. 132 વર્ષ જૂનો આ બ્રિજ હેરિટેજ સિટિ ગણાતા અમદાવાદની ઓળખ છે.

સાબરમતી નદી પર સૌ પ્રથમ વાર અંગ્રેજોના સમયમાં 1892માં આ બ્રિજ બનાવાયો હતો. ૪૩૩.૪૧ મીટર લંબાઇ અને ૬.૨૫ મીટરની પહોળાઈ ધરાવતો એલિસબ્રિજ, ૩૦.૯૬ મીટરના ૧૪ સ્પાન બો-સ્ટ્રીંગ ટાઈપના સ્ટીલ સ્ટ્રક્ચરમાં નિર્માણ કરાયો છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં આ ઐતિહાસિક બ્રિજનું ધોવાણ થયું છે, જેને કારણે દસ વર્ષોથી બ્રિજનો વપરાશ સંપૂર્ણ રીતે બંધ કરાયો છે. આથી રાજ્ય સરકારે તેનો પૂન ઉપયોગ કરી શકાય એ હેતુથી તેના પુનસ્થાપનનો નિર્ણય કર્યો છે.

---

- માહિતી ખા – સુનિતા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GUJ WEATHER

રાજ્યના કેટલાક ભાગોમાં આજે ભારે વરસાદની આગાહી છે. જેમાં દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ તેમજ દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે. આ ઉપરાંત બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદવાદ, આણંદ, પંચમહાલ, મહિસાગર, વડોદરા, ભરૂચ તેમજ સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર તેમજ બોટાદમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે.

આગામી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જ્યારે કેટલાંક ભાગોમાં 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અન ગાજવીજ વરસાદની શક્યતા છે.

ગત ચોવીસ કલાકમાં દક્ષિણ ગુજરાતમાં વલસાડમાં છ ઇંચ, વાપી, ડાંગ, પારૌ઼ી, આહવા, સુબિર, ઉમરપાડા, ચોર્યાસી, કપરાડામાં બે ઇંચ ઉપરાંત અમદાવાદ, વિરમગામ, દેત્રોજ, મહેસાણા તેમજ દિવ-દમણમાં ભારે બેથી એક ઇંચ વરસાદ વરસ્યો હતો.

---

- વેધર સાઇટ - સુનિતા

-(NAVIN)

# NANO

અમદાવાદ જીલ્લામાં નેનો ફર્ટીલાઈઝરની ખરીદી પર 2.24 કરોડ રૂપિયાની સહાય ચુકવાશે.

ઉલ્લેખનીય છે કે, નેનો ફર્ટીલાઈઝર જમીન, પાણી અને હવાના પ્રદુષણને ઘટાડવામાં તથા ગ્લોબલ વોર્મિંગ ઘટાડવામાં ફાયદાકારક છે. ખેતીમાં યુરીયાના આડેધડ ઉપયોગથી સર્જાતી સમસ્યા સામે નેનો ફર્ટીલાઈઝર વરદાનરૂપ છે. આમ ખેતી ખર્ચમાં ઘટાડો કરવા તથા પર્યાવરણની જાળવણી માટે નેનો ફર્ટીલાઈઝર ઉત્તમ છે.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પ્રતિહેકટર 750 રૂપિયાની મર્યાદામાં વધુમાં વધુ 4 હેકટર માટે 3 હજાર રૂપિયાની મર્યાદામાં નેનો ફર્ટીલાઈઝરની ખરીદી પર સહાય અપાઇ રહી છે.

અમદાવાદ જીલ્લાના ખેડૂતો ખાતર વિતરણ કરતી તમામ સહકારી સંસ્થાઓ કે ખાતર ડેપો પરથી આ સહાય મેળવી શકાશે.

---

-માહિતી, નિકીતા -(NAVIN)

# CHHOTA UDEPUR RATHVI BHASHA SHIKSHAN

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ, છોટાઉદેપુર જિલ્લામાં બાળકો માટે સ્થાનિક રાઠવી ભાષામાં સાહિત્ય નિર્માણ કરાયું છે. જિલ્લાના બાળમંદિર, ધોરણ એક અને બે તથા બાલવાટિકાના વિદ્યાર્થીઓ માટે 25 જેટલા તજજ્ઞો પાસે રાઠવી ભાષામાં આ સાહિત્ય તૈયાર કરાવવામાં આવ્યું છે.

આ અંગે શબ્દકોષ તૈયાર કરનાર C.R.C. સહસંયોજક દિનેશ રાઠવાએ આ મુજબ જણાવ્યું...

(બાઈટ - દિનેશ રાઠવા - શબ્દકોષ તૈયાર કરનારા C.R.C. સહસંયોજક)

*(અમે લોકલ સાહિત્ય તૈયાર કર્યું જે શિક્ષકોને મદદરૂપ રહે. તેમજ બાળકો માટે વાર્તાઓ, જોડકણાઓ, બાળગીતો જે તૈયાર કર્યા અને એમની બોલીમાં એ એમની સમક્ષ રજૂ કર્યા એટલે બાળકોને પોતાકુપણુ લાગે અને એ રીતે બાળકો સમજે અને સરળ અભ્યાસક્રમ બાળકોને લાગે છે. અને નવી શિક્ષણ નીતિ ની અંદર કહેવામાં આવ્યું છે કે શરૂઆતના જે ધોરણોમાં શિક્ષણ હંમેશા સ્થાનિક બોલીમાં જ આપવું જોઈએ, જે અંતર્ગત જ અમો કામ કરી રહ્યા છીએ અને બાળકો સમક્ષ આ રીતે જે પ્રારંભિક શિક્ષણ છે તે અમે લોકબોલીમાં આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે.)*

---

- **PTC – CHHOTA UDEPUR – PRAVESH.**

-(NAVIN)

# SURAT - BAL SANSAD

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રાંદેર ઝોનમાં આવેલી શ્રી રવિશંકર મહારાજ પ્રાથમિક શાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ હતી. બાળ સંસદની રચના માટે લોકશાહી ઢબે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું આયોજન કરાયું હતું.

સુરતનાં અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, શાળાની બાલવાટિકાથી ધોરણ - 8ની તમામ વિદ્યાર્થિનીઓ મતદાતા તરીકે અને 10ના વિદ્યાર્થીઓ ઉમેદવાર તરીકે ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બન્યાં.

શહેરના બાળકોમાં વિદ્યાર્થીકાળથી જ લોકશાહી પ્રથાના બીજ રોપવાનો પ્રયાસ શિક્ષણ સમિતિ કરી રહી છે.

---------------------------

PTC-SURAT-LOPA DARBAR, PRAVESH, SONAL

# Plantation

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે મામા ફડકે આશ્રમશાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. દેશને હરિયાળુ બનાવવામાં સંકલ્પ સાથે રાજ્યનો દરેક યુવાન એક વૃક્ષ વાવવામાં અને ઉછેરવામાં સહયોગ આપે તેવા ઉદેશ્ય સાથે સ્વામી વિવેકાનંદ રાજ્ય યુવા બોર્ડ દ્વારા આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું..

---------------------------------------------------------------------

- પીટીસી પંચમહાલ –નીકિતા –દુર્ગેશ

# GANDHINAGAR RATION CARD eKYC

ગાંધીનગરના રાશનકાર્ડધારકોએ પોતાના રેશનકાર્ડ સક્રિય રાખવા અને યોજનાઓનો લાભ લેવા પોતાનું e-KYC એટલે કે, નૉ યૉર કસ્ટમર કરાવવું આવશ્યક છે. તેવું જિલ્લા પૂરવઠા અધિકારી શ્વેતા પંડ્યાએ જણાવ્યું છે.

રાશનકાર્ડધારકો પોતાના જરૂરી દસ્તાવેજ ખાસ કરીને આધારકાર્ડ સાથે સંબંધિત મામલતદાર કચેરીની પૂરવઠા શાખાનો સંપર્ક કરીને પોતાના રેશનકાર્ડનું e – KYC કરાવી શકે છે. તેમ જ માય રાશન કાર્ડ મોબાઈલ એપ્લિકેશન પર પણ આ સુવિધા ઉપલબ્ધ છે.

.................................

JILLA MAHITI KACHERI, PRAVESH, SONAL